# રાજ્યની આર.એમ.એસ.એ અને રાજયની સરકારી/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના દરખાસ્ત મોકલવા બાબતના સુચનો ( વર્ષ: ૨૦૨૬–૨૭ના શૈક્ષણિક વર્ષ માટે)

## ❖ જિલ્લા કક્ષાએ ધ્યાને લેવાના સૂચનો:

- સદર કામગીરી માટેની ઓનલાઈન પોર્ટલની લિંક **https://varg-vadharo.gujaratvsk.org/GovClassAdd/Default** છે. જિલ્લા શિક્ષણધિકારીશ્રીના લોગીન આઈ.ડી : ગ્રાંટ ઈન એઈડ પોર્ટલ માટે જે આપેલ છે. તે યથાવત રહેશે .પાસવર્ડ : **Cos@2026**
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પાસવર્ડ **Reset**(નવો પાસવર્ડ) કરવાનો રહેશે અને તેને ખાનગી રાખવાનો રહેશે. જો આ પાસવર્ડ લીક થવાથી વર્ગમંજૂરીની દરખાસ્ત અન્વયે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ઠરશે.
- જિલ્લા કક્ષાએ ગ્રાંટ ઈન એઈડ શાળાઓના વર્ગ વધારા માટે જે નોડલ અધિકારી(વર્ગ-૨) ની નિમણુંક કરેલ છે તેમણે જ રાજ્યની આર.એમ.એસ.એ/સરકારી માધ્યમિક અને રાજયની સરકારી/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ વધારાની કામગીરી માટે નોડલ અધિકારી તરીકે કામ કરવાનું રહેશે. આ બાબતે જિલ્લા કક્ષાએ નોડલ અધિકારીમાં ફેરફાર થયેલ હોય તો અત્રેની કચેરીને તાત્કાલિક જાણ કરવી.
- શાળાઓને ઓનલાઈન પોર્ટલ પર અરજી સંદર્ભે જરૂરી માર્ગદર્શન નોડલ અધિકારીએ આપવાનું રહેશે આ માટે નોડલ અધિકારીએ ઓનલાઈન પોર્ટલનો અભ્યાસ કરવાનો રહેશે. સદર બાબતે નોડલ અધિકારીને પોર્ટલ લગતા માર્ગદર્શનની જરૂર પડેતો શ્રેયાન અધિક્ષકશ્રી (૧૦+૨) / વિષય નિષ્ણાંત(માધ્યમિક) નો સંપર્ક કરવાનો રહેશે.
- જુન-૨૦૨૬ થી સદર કામગીરી ઓનલાઈન માધ્યમથી જ કરવાની રહેશે. કોઈ પણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજૂ કરવાની રહેશે નહી.
- આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે, "શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના **SMS** ચકાસતા રહેવું, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/**SMS** મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુન:સબમીટ કરવી, જો આવેલ પુર્તતા

સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે અને તે માટે શાળા જવાબદાર બનશે.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ સ્થળ તપાસ કરાવી સમયમર્યાદામાં દરખાસ્ત અત્રેની કચેરીએ સબમીટ કરવાની રહેશે. સ્થળ તપાસ અહેવાલનો નમૂનો વેબસાઈટ પરથી **DOWNLOAD** કરવાનો રહેશે. (અન્ય કોઈ ફોર્મેટ માન્ય ગણાશે નહી.)
- આ ઓનલાઈન પોર્ટલ પર દરખાસ્ત કરેલ શાળા સરકારી/**RMSA** જ છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે તેમજ આ સદર બાબતે સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી રહેશે.
- ધો-૯ થી ૧૨ના સરકારી શાળાઓના વર્ગ વધારા માટે એક જ પોર્ટલ પર કામગીરી કરવાની રહેશે.
- વર્ગ વધારાની કામગીરી માટે રાજ્ય કક્ષાએ **whatsaap group** કાર્યરત છે. જેમાં જે નોડલ અધિકારીશ્રીઓ જોડાયેલ ન હોઈ તેમને તાત્કાલિક જોડાવાનું રહેશે. આ માટે વખતોવખતની સુચનાઓ ગ્રુપમાં મૂકવામાં આવશે.
- જિલ્લા સ્તરે મળેલ ક્વેરી સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.
- આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત **submit** ન થાય તેની ખાસ કાળજી લેશો.
- આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પૂર્તતાના રીમાર્ક્સ સહ પરત કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામા પૂર્ત્તતા થયા બાદ જ ઓનલાઈન નિયામકશ્રી,શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી. જેની નોંધ લેશો.
- આપની કચેરી દ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઈન રજૂ કરવાનો રહેશે. શાળાની દરખાસ્ત પરત્વે આપની ભલામણ ન હોય તો વિગતવાર કારણસહિત રીમાર્ક્સ આપવાના રહેશે.
- આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત **submit** ન થાય તેની ખાસ કાળજી લેશો
- સુચવેલ સમયમર્યાદા બાદ મોકલેલ દરખાસ્તો સ્વીકારમાં આવશે નહી અને તે કારણે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી રહેશે.

- <u>શાળાએ ધ્યાને લેવાના સૂચનો :</u>
  - સરકારી શાળાઓની વર્ગ વધારાની દરખાસ્તો સંપૂર્ણપણે **online** કરવાની રહેશે.
  - ઓનલાઈન પોર્ટલ પર યુ ડાયસ કોડથી લોગીન કરવાનું રહેશે.
  - જે શાળાએ વર્ગ વધારો માંગેલ હોય તે શાળા આદિજાતિ વિસ્તારમાં આવતો હોય તો તે અંગેનું પ્રમાણપત્ર ફરજિયાત પણે અપલોડ કરવું.
  - શાળાનું નોંધણી પ્રમાણપત્ર આધારો અપલોડ કરવા.
  - શાળાથી ૧૦ કી.મી વિસ્તારમાં ઉચ્ચતર માધ્યમિક શાળઓ શરૂ હોય તો તેની વિગત અન્યથા જો ના હોય તો તે અંગેનું પ્રમાણપત્ર અપલોડ કરવું.
  - આસપાસના પોષક વિસ્તારની સરકારી અને ગ્રાંટેડ શાળાઓની વિગત અપલોડ કરવી.
  - શાળા સંકુલનો નકશો , માંગેલ વર્ગ માટે જે વર્ગખંડ ઉપયોગમાં લેવાનો હોય તે હાઈલાઈટ કરવો.
  - છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ પરિણામ દર્શાવતું શાળાના આચાર્ય અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહી સાથેનું પત્રક અપલોડ કરવું.
  - ફાયર સેફટીની સુવિધા છે તેના આધારો અપલોડ કરવા
  - જો વિજ્ઞાન પ્રવાહ માટે વર્ગ માંગેલ હોયતો તે અંગેના જરુરી સાધનો તેમજ લેબોરેટરી અંગેના આધારો/પ્રમાણપત્ર અપલોડ કરવા.